# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

*Re-Accredited Grade A by NAAC*

<u>પરિપત્ર</u>

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન ભવન/કોલેજનાં અધ્યક્ષ/આચાર્યશ્રીઓ તેમજ પ્રાધ્યાપકો કે જેઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી જુદીજુદી પરીક્ષાઓમાં ઓબ્ઝર્વર તરીકેની કામગીરી બજાવે છે તેઓએ માર્ચ/એપ્રિલ-૨૦૧૮ અને ત્યારબાદની પરીક્ષાઓ દરમ્યાન ઓબ્ઝર્વર અંગેની કામગીરી માટે નીચે મુજબની બાબતો ધ્યાનમાં લેવાની રહેશે.

૧. દરેક પ્રાધ્યાપકોએ તેઓનાં મોબાઈલમાં પ્લે સ્ટોરમાંથી SUOBSERVER નામની એપ્લીકેશન ડાઉનલોડ કરવાની રહેશે. (જે ફકત એન્ડ્રોઇડ મોબાઈલમાં રન થશે.)

૨. એપ્લીકેશન ડાઉનલોડ કર્યાબાદ પ્રાધ્યાપકનો એસેસમેન્ટ કોડ એ જ એપ્લીકેશનમાં યુઝરનેમ અને પાસવર્ડ રહેશે.

3. એપ્લીકેશનમાં આપની પ્રોફાઈલ, સિગ્નેચર, બેંકની વિગત વગેરે ઉમેરવી.

૪. View Order માં આપનો ઓર્ડર હોય જે Accept અથવા Decline કરવાનો રહેશે.

૫. ઓર્ડર Accept કર્યાબાદ આપની સાથેનાં ટીમ મેમ્બરની વિગતો ઉમેરવી. જે પ્રાધ્યાપકોએ ઓર્ડર Accept કર્યો હશે તેઓને જ તેમનાં ઈ-મેઈલ પર ઓર્ડર મળશે.

૬. ઓબ્સર્વર અંગેનાં બીલની સાથે આપનાં ઓર્ડરની નકલ બીડાણ તરીકે મુકવાની રહેશે.

૭. ઓર્ડર Accept કર્યાબાદ જયારે આપને નિયુક્ત કરેલાં કેન્દ્ર પર પહોચો ત્યારે Check In કરવાનું રહેશે અને જયારે આપની ડ્યુટી પૂરી થાય અને પરીક્ષા કેન્દ્ર છોડો ત્યારે Check Out કરવાનું રહેશે.

૮. આપની એપ્લીકેશનમાં કોપીકેસ અંગેનું ફીચર હોય જેમાં કોપીકેસની વિગતો ભરવી ફરજીયાત છે જો કોપીકેસ ન હોય તો "0" કરશો તેમજ કોલેજ તરફથી મળેલ હાજર-ગેરહાજર રીપોર્ટનો ફોટો અપલોડ કરવો.

પરીક્ષા નિયામક

નં.પરીક્ષા/સી.ઈ./૨૧૨/૨૦૧૮.
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ,યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૩૬૦૦૦૫
તા.૨૫/૦૨/૨૦૧૮.

પ્રતિ,

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીસંલગ્ન કોલેજનાં આચાર્યશ્રીઓને

<u>નકલ સાદર રવાના</u>

૦૧ મા.કુલપતિશ્રી / મા.કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી,સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ.

૦૨.મદદનીશ કુલસચિવશ્રી-(પરીક્ષા) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ.

૦૩ વિભાગીય અધિકારીશ્રી, પરીક્ષા વિભાગ-૦૨,૦૩,૦૪ અને પરીક્ષા કોમ્પુટર / સ્ટોર્સ.